| | | | | | |
|---|---|---|---|---|---|
| GJSK060003642016 | દાખલ તારીખ | :– | ૦૯/૦૯/૨૦૧૬ | | |
| | રજીસ્ટર થયા તારીખ | :– | ૦૯/૦૯/૨૦૧૬ | | |
| | ફેસલ તારીખ | :– | ૧૫/૦૭/૨૦૨૬ | | |
| | સમયગાળો | :– | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૯ | ૧૦ | ૦૬ |

**–:: નમૂનો–અ ::–**

सत्यमेव जयते

**વિજયનગરના મહે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.વિજયનગર, જિ.સાબરકાંઠા**

**ચુકાદાની તા.૧૫/૦૭/૨૦૨૬**

**ફોજદારી કેસ નં.૨૭૮/૨૦૧૬**

**આંક:–**

**:: ગુન્હાની વિગત ::**

| | |
|---|---|
| ગુન્હાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક), ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૩, ૭ મુજબ... |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | ૫૭/૨૦૧૬ |
| પોલીસ સ્ટેશન | વિજયનગર પોલીસ સ્ટેશન |
| ફરીયાદપક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ. એ. પી. પી. શ્રી એન. કે. ગઢવી |
| આરોપીપક્ષ | **(૧) નરેશભાઇ સુકાજી પ્રજાપતિ,**<br>ઉ.વ.આ.૫૦, ધંધો–મજૂરી,<br>રહે–કુંભાર ફળી, વિજયનગર,<br>તા.વિજયનગર, જિ.સાબરકાંઠા.<br>નીચે મુજબના આરોપીને નામ.હાઇકોર્ટ દવારા કવોશ કરેલ છે.<br>**(૨) લીલાબેન સુકાજી પ્રજાપતિ**<br>**(૩) નાથુભાઇ પુજાજી પ્રજાપતિ**<br>**(૪) જીગરકુમાર નાથુભાઇ પ્રજાપતિ** |

| | |
|---|---|
| | રહે–કુંભાર ફળી, વિજયનગર,<br>તા.વિજયનગર, જિ.સાબરકાંઠા.<br>**(૫) વસંતીબેન સુકાજી પ્રજાપતિ**<br>રહે–જયપ્રકાશ સોસાયટી,ભુત બંગલા પાસે, ખેરવાડા,તા.ખેરવાડા, જિ.ઉદેપુર (રાજસ્થાન)<br>**(૬) સંતોકબેન સુકાજી પ્રજાપતિ**<br>રહે–હિરણ મંગરી, સેકટર–૩, ઉદેપુર, જિ.ઉદેપુર (રાજસ્થાન)<br>**(૭) વર્ષાબેન સુકાજી પ્રજાપતિ**<br>રહે–પુનાસણ, તા.હિંમતનગર, જિ.હિંમતનગર<br>**(૮) સવીતાબેન સુકાજી પ્રજાપતિ**<br>રહે–મકાન નં.૧૦૭, રોહિતનગર સોસાયટી, ઘાટલોડીયા, અમદાવાદ<br>**(૯) કલીબેન સુકાજી પ્રજાપતિ**<br>રહે–વિકાસનગર, ડુંગરપુર, જિ.ડુંગરપુર (રાજસ્થાન)<br>**(૧૦) મુકેશભાઇ વેલાજી પ્રજાપતિ**<br>રહે–જયપ્રકાશ સોસાયટી,ભુત બંગલા પાસે, ખેરવાડા,તા.ખેરવાડા, જિ.ઉદેપુર (રાજસ્થાન)<br>**(૧૧)સંજયભાઇ દલજીભાઇ પ્રજાપતિ**<br>રહે–મકાન નં.૧૦૭, રોહિતનગર સોસાયટી, ઘાટલોડીયા, અમદાવાદ<br>**(૧૨) અંજુબેન વેલાજી પ્રજાપતિ**<br>રહે–ગામડી અહાડા, ડુંગરપુર, જિ.ડુંગરપુર<br>**(૧૩) રાનુબેન દોલતરામ પ્રજાપતિ** |

| | |
|---|---|
| | રહે–હિરણ મંગરી, સેકટર–૩, ઉદેપુર, જિ.ઉદેપુર (રાજસ્થાન) |
| રજુઆત | ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ હેઠળ હુકમ (બી.એન.એસ.એસ.ની કલમ–૩૩૫) |

## –:: નમૂનો–બ ::–

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | વર્ષ:૨૦૦૩ થી મે–૨૦૧૬ દરમ્યાન |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૪/૦૫/૨૦૧૬ |
| ચાર્જશીટની તારીખ | ૦૯/૦૬/૨૦૧૬ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યા તારીખ | ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ હેઠળ હુકમ (બી.એન.એસ.એસ.ની કલમ–૩૩૫) |
| પુરાવો શરૂ થયા તારીખ | ૧૧/૦૬/૨૦૨૬ |
| ચુકાદો મુલત્વી રાખ્યાની તારીખ | ૧૫/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૫/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | –– |

## –:: આરોપીની વિગત ::–

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયાં ગુન્હા હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે. | શું દોષી/ નિર્દોષ | સજા ની વિગત | ટ્રાયલ દરમ્યાન યુ.ટી.પી. રહેલ સમયગાળો સી.આર.પી.સી. ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **નરેશભાઇ સુકાજી પ્રજાપતિ** | ૨૫/૦૫/૨૦૧૬ | ૨૫/૦૫/૨૦૧૬ | ઇ.પી.કો. કલમ–૪૯૮(ક), ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૩, ૭ | **નિર્દોષ** | –– | –– |
| ૨ | **લીલાબેન સુકાજી પ્રજાપતિ** | ૨૫/૦૫/૨૦૧૬ | ૨૫/૦૫/૨૦૧૬ | | **કવોશ** | –– | –– |
| ૩ | **નાથુભાઇ પુજાજી પ્રજાપતિ** | ૨૫/૦૫/૨૦૧૬ | ૨૫/૦૫/૨૦૧૬ | | **કવોશ** | –– | –– |
| ૪ | **જીગરકુમાર નાથુભાઇ પ્રજાપતિ** | ૨૫/૦૫/૨૦૧૬ | ૨૫/૦૫/૨૦૧૬ | | **કવોશ** | –– | –– |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૫ | વસંતીબેન સુકાજી પ્રજાપતિ | ૨૫/૦૫/૨૦૧૬ | ૨૫/૦૫/૨૦૧૬ | | કવોશ | -- | -- |
| ૬ | સંતોકબેન સુકાજી પ્રજાપતિ | ૨૫/૦૫/૨૦૧૬ | ૨૫/૦૫/૨૦૧૬ | | કવોશ | -- | -- |
| ૭ | વર્ષાબેન સુકાજી પ્રજાપતિ | ૨૫/૦૫/૨૦૧૬ | ૨૫/૦૫/૨૦૧૬ | | કવોશ | -- | -- |
| ૮ | સવીતાબેન સુકાજી પ્રજાપતિ | ૨૫/૦૫/૨૦૧૬ | ૨૫/૦૫/૨૦૧૬ | | કવોશ | -- | -- |
| ૯ | કલીબેન સુકાજી પ્રજાપતિ | ૨૫/૦૫/૨૦૧૬ | ૨૫/૦૫/૨૦૧૬ | | કવોશ | -- | -- |
| ૧૦ | મુકેશભાઇ વેલાજી પ્રજાપતિ | ૨૫/૦૫/૨૦૧૬ | ૨૫/૦૫/૨૦૧૬ | | કવોશ | -- | -- |
| ૧૧ | સંજયભાઇ દલજીભાઇ પ્રજાપતિ | ૨૫/૦૫/૨૦૧૬ | ૨૫/૦૫/૨૦૧૬ | | કવોશ | -- | -- |
| ૧૨ | અંજુબેન વેલાજી પ્રજાપતિ | ૨૫/૦૫/૨૦૧૬ | ૨૫/૦૫/૨૦૧૬ | | કવોશ | -- | -- |
| ૧૩ | રાનુબેન દોલતરામ પ્રજાપતિ | ૨૫/૦૫/૨૦૧૬ | ૨૫/૦૫/૨૦૧૬ | | કવોશ | -- | -- |

**-:: નમૂનો-ક ::-**

## એ. ફરીયાદપક્ષ તરફે સાહેદો:-

| ક્રમ | આંક | સાહેદનું નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૧૯ | સંગીતાબેન નરેશભાઇ પ્રજાપતિની જુબાની | ફરીયાદી |
| ૨ | ૨૧ | લાલજીભાઇ હકરાજી પ્રજાપતિની જુબાની | સાહેદ |
| ૩ | ૨૨ | ગીતાબેન લાલજીભાઇ પ્રજાપતિની જુબાની | સાહેદ |
| ૪ | ૨૪ | હોમશંકર થાવરાજી પ્રજાપતિની જુબાની | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૫ | ૨૫ | અનીલકુમાર ભાઈલાલભાઈ ઠાકોરની જુબાની | સાહેદ |

**બી. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :-**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૨૦ | અસલ ફરીયાદ |

**સી. આરોપીપક્ષ તરફે સાહેદો :-**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| -- | --નીલ-- | --નીલ-- |

**ડી. આરોપીપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો:-**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| -- | --નીલ-- | --નીલ-- |

**ઈ. કોર્ટ પક્ષ તરફે સાહેદો :-**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| -- | --નીલ-- | --નીલ-- |

**એફ. કોર્ટ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો:-**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| -- | --નીલ-- | --નીલ-- |

**-: ઠરાવ :-**

**ફરીયાદપક્ષની ટુંકી વિગત :-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૪/૦૫/૨૦૧૬ ના કલાક ૧૦/૨૦ વાગ્યા પહેલા મોજે વિજયનગર મુકામે લગ્નજીવન દરમ્યાન ફરીયાદી બહેનને તું બદચલનની છે તેમ કહી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી શારીરિક તેમજ માનસિક દુ:ખ ત્રાસ આપી દહેજની માંગણી કરી એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૪૯૮(ક), ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ-૩, ૭ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો નોંધાતા તપાસ

કરનાર અધિકારી દવારા આરોપી વિરૂધ્ધ પુરાવા હોય ઈન્સાફી કાર્યવાહી થવા સારૂ ચાર્જશીટ નામદાર અદાલતમાં રજુ કરવામાં આવેલ.

**<u>ન્યાયિક કાર્યવાહી :–</u>**

(૨.૧) નામદાર હાઈકોર્ટની રીટને ધ્યાને લેતાં, આરોપી નં.ર થી આરોપી નં.૧૩ સામેનો કેસ પડતો મૂકવાનો અને આરોપી નં.૧ સામેનો કેસ ચાલુ રાખવાનો આંક–૧ લગત હુકમ મારા પુરોગામી ન્યાયધીશ સાહેબશ્રી દવારા કરવામાં આવેલ છે.

(૨.૨) ઉપરોકત ગુનાની ફરીયાદ સંદર્ભે હાલના કામનુ ચાર્જશીટ રજુ થતા ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૦૪ અન્વયે આરોપી નં.૧ સામે સમન્સ ઈશ્યુ કરવામાં આવેલ જેની ધોરણસર બજવણી ન થતાં આરોપી નં.૧ સામે ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૯૯ (ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૩૫) મુજબનો હુકમ કરવામાં આવેલ અને ત્યારબાદ કેસ કાર્યવાહી આરોપી નં.૧ની ગેરહાજરીમાં આગળ ચલાવી કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરી પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) હાલના કેસમાં ફરીયાદપક્ષ તરફે તેમના કેસના સર્મથનમાં ઉપરોકત **નમૂના–ક**માં **પત્રક–એ** થી **મૌખિક પુરાવા** અને **પત્રક–બી**થી **દસ્તાવેજી પુરાવા** રજુ કરેલ છે.

(૪) સદર કામે આરોપી વિરૂધ્ધ કોઈ જ પુરાવો રેકર્ડ પર રજૂ થયેલ ન હોય, ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૩૧૩(ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૩૫૧) અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એન. કે. ગઢવીની દલીલો માનપુર્વક સાંભળવામાં આવેલ છે.

(૬) હાલના કેસમાં ઉપરોકત કાયદાકીય પરિસ્થિતિ, હકિકતો તથા બંને પક્ષકારો તરફથી રજુ કરવામાં આવેલ દલીલો ધ્યાને લેતાં કેસનો ન્યાયિક નિર્ણય કરવા માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>-::મુદા::-</u>**

**૧.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એવુ સાબિત કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૪/૦૫/૨૦૧૬ ના કલાક ૧૦/૨૦ વાગ્યા પહેલા મોજે વિજયનગર મુકામે લગ્નજીવન દરમ્યાન ફરીયાદી બહેનને તું બદચલનની છે તેમ કહી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી શારીરિક તેમજ માનસિક દુ:ખ ત્રાસ આપી દહેજની માંગણી કરી એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૪૯૮(ક), ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ-૩, ૭ મુજબનો ગુન્હો કરેલ છે?

**૨.** શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**<u>-::નિર્ણયો::-</u>**

**૧.** નકારમાં

**૨.** આખરી હુકમ મુજબ.

**<u>-::નિર્ણયના કારણો::-</u>**

**<u>મુદા નંબર: ૦૧ :-</u>**

**(૮)** આ કામના આરોપીઓ વિરૂધ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જયાં સુધી આરોપીઓ સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરીયાદપક્ષ આરોપીઓ સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરીયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવાના રહે છે. આમ, ઉપરોકત મુદાઓની સાબિતી માટે આ કામે આરોપીઓ સામે જયારે ભારતીય દંડ સંહિતાની કલમ-૪૯૮(ક), ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ-૩, ૭ મુજબના ગુન્હાનો આક્ષેપ છે, ત્યારે ફરીયાદપક્ષે રજુ પુરાવાની

ચર્ચા અને મુલ્યાંકન કરતાં પહેલાં નીચે મુજબના આવશ્યક તત્વો રેકર્ડ પર શંકાથી પર સાબિત કરવાના રહે છે.

(૮.૧) **ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક): તત્વો:–**

૧. ભોગ બનનાર સ્ત્રી પરિણીત હતી,

૨. આવી સ્ત્રીને ક્રુરતાનો ભોગ બનાવવામાં આવી હતી,

૩. આરોપી એ એવું ઈરાદાપુર્વકનું વર્તન કરવામાં આવ્યુ હતું, કે જે કારણે સ્ત્રી આત્મહત્યા કરવા પ્રેરાય અથવા પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડે અથવા જીંદગી, શરીરના કોઈ અવયવો કે માનસીક અથવા શારીરીક જોખમોમાં મુકવા પ્રેરાય અથવા

૪. સ્ત્રી કે તેણીના સગા દબાણથી કોઈ મીલકત કે કીમતી જામીનગીરી માટેની ગેરકાનુની માંગણી પૂરી કરે તે માટે ત્રાસ આપવામાં આવે અથવા સ્ત્રી કે તેણીના સગા આવી માંગણી સંતોષી શકયા ન હોય તે માટે આવો ત્રાસ આપવામાં આવ્યો હોય,

૫. આવી ક્રુરતા અથવા ત્રાસ પતિ કે પતિના સગા દ્વારા આપવામાં આવ્યો હોય.

(૮.૨) **ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ : તત્વો:–**

૧. આરોપીએ ઈરાદાપુર્વક કોઈનું અપમાન કર્યું હોય,

૨. તેમ કરીને આરોપી તે વ્યકિતને ઉશ્કેરવા માંગતી હતી,

૩. આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યક્તિ જાહેરશાંતીનો ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

(૮.૩) **ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) : તત્વો:–**

૧. આરોપીએ ફરિયાદીને તેના શરીર, મિલકત અથવા પ્રતિષ્ઠાને કે તે અન્ય વ્યકિતમાં હીત ધરાવતી હોય તેના શરીર અથવા પ્રતિષ્ઠાને હાની પહોંચાડવાની ધમકી આપી,

૨. આવી ધમકી ફરિયાદીને ભયભીત કરવાના ઈરાદાથી અથવા પોતે જે કરવા કાનુનબધ્ધ ન હોય તેવુ કૃત્ય કરે અથવા જે કરવાનો પોતાને કાનૂની અધિકાર હોય તેવુ કૃત્ય ન કરે, તેવા ઈરાદાથી આપવામાં આવી હતી અથવા આવી ધમકી મૃત્યુ

નિપજાવવાની કે મહાવ્યથા કરવાની કે કોઈ મિલકતનો આગથી નાશ કરવાની કે આજીવન કેદ અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવા અંગેની હતી અથવા આવી ધમકી સ્ત્રી ઉપર ચારીત્રહીનતાનો આક્ષેપ કરવા અંગેની હતી.

(૮.૪) **ભારતીય દંડ સંહિતાની કલમ-૧૧૪ : તત્વો:-**

૧. મુખ્ય ગુન્હો બન્યો હોવો જોઈએ, એટલે કે જે ગુન્હાની મદદગારી કરવામાં આવી હોય તે બન્યો હોવો જોઈએ,

૨. તે મુખ્ય ગુન્હામાં મદદગારે મમદગારી કરી હોવી જોઈએ,

૩. ગુન્હો બને ત્યારે મદદગારની હાજરી ત્યાં હોવી જોઈએ,

૪. અથવા આવો મદદગાર ગેરહાજર હોય તો તેની જવાબદારી નિશ્ચિત થાય તેવી મદદગારી તેણે કરી હોવી જોઈએ અથવા

૫. ગુન્હો બનતા પહેલા તથા ગુન્હો બને ત્યારે મદદગારે મદદગારી કરી હોવી જોઈએ.

(૯) આ કામે સૌ પ્રથમ કેસનો નિર્ણય કરતાં પહેલા ફરિયાદ પક્ષે પોતાના કેસનાં સમર્થનમાં તપાસેલ સાહેદોની જુબાની જોવી આવશ્યક જણાતી હોય, જેની ચર્ચા નીચે મુજબ કરેલ છે:

**ફરીયાદીની જુબાની :-**

(૯.૧) ફરીયાદપક્ષે ફરીયાદી સંગીતાબેન નરેશભાઈ પ્રજાપતિને આંક-૧૯ થી તપાસવામાં આવેલ છે.તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ કે, આજથી આશરે ચોવિસેક વર્ષ પહેલા તેઓના લગ્ન નરેશભાઈ સુકાજી પ્રજાપતિનાઓ સાથે થયેલા અને તેઓ લગ્ન બાદ તેઓના પતિ જોડે તેઓના સંયુકત પરિવારમાં વિજયનગર મુકામે રહેતી હતી. તેઓના લગ્ન બાદ તેઓને એક પુત્ર અને એક પુત્રી , જેઓના નામ ધ્રુવ અને ટવીન્કલ છે. તેઓના પતિ તેઓની સાથે થોડોક સમય સારી રીતે રહેલા અને સારુ વર્તન કરેલુ અને ત્યાર બાદ નાની નાની વાતમાં તેઓની જોડે લડાઈ ઝઘડા તેઓને દુ:ખ ત્રાસ આપતા હતા, જેથી તેઓ તેમના પિયરે ગયેલી અને આ બધી વાત તેઓએ તેમના માતા-પિતાને કરેલી. તેઓને ભાઈ તેમને

સમજાવીને ફરીથી તેઓને તેમના તેમના સાસરે મૂકી ગયેલો. જયારે તેઓ તેમના સાસરે ગયેલી ત્યારે તેઓના પતિ તેઓના ઘરનો તમામ સર–સામાન ભરીને તેઓના પરિવાર સાથે નીકળી ગયેલા અને તેઓને તરછોડી દીધેલી. ત્યાર બાદ તેઓએ આ લોકો વિરૂધ્ધ ફરીયાદ આપેલી. આ કામે આંક–૨૦ થી રજુ અસલ ફરીયાદમાં તેમની સહી ઓળખી બતાવેલ છે. આ સિવાય બીજુ કંઈ બનેલ નથી. આરોપી તેઓના પતિ થાય છે અને તેઓ છેલ્લા ૧૦ વર્ષથી વિજયનગર છોડી કંયાક ચાલ્યા ગયેલા છે અને તેઓની તેઓએ પણ ઘણી શોધખોળ કરેલ. પરંતુ તેઓનો કોઈ અતો–પતો મળેલ નથી. ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૯૯ હેઠળ આરોપી સામેની ઈન્સાફી કાર્યવાહી આરોપીની ગેરહાજરીમાં ચલાવવાનો હુકમ થયેલ હોય, કોઇ ઉલટતપાસ નથી.

<u>**સાહેદોની જુબાની :–**</u>

(૯.૨) ફરીયાદપક્ષે સાહેદ લાલજીભાઇ હકરાજી પ્રજાપતિને આંક–૨૧ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ કે, આજથી આશરે ચોવિસેક વર્ષ પહેલા<u>તેઓની બહેન સંગતાબેનના</u> લગ્ન નરેશભાઈ સુકાજી પ્રજાપતિનાઓ સાથે થયેલા અને ત્યાર બાદ તે તેના પતિ જોડે તેઓના સંયુકત પરિવારમાં વિજયનગર મુકામે રહેવા ગયેલ હતી. આ તેઓની બહેનના લગ્ન બાદ તેને એક પુત્ર ધ્રુવ અને એક પુત્રી ટવીન્કલ થયેલ છે. આ તેઓની બહેનને તેના પતિ નરેશભાઈ એ થોડોક સમય સારી રીતે રાખેલ અને સારુ વર્તન કરેલુ અને ત્યાર બાદ નાની નાની વાતમાં તેની જોડે લડાઈ ઝઘડો કરતો અને તેને દુ:ખ ત્રાસ આપતો હતો, અને <u>આ તેઓની બહેન જયારે પિયરે આવતી ત્યારે આ બધી વાત તેઓને કરતી હતી.</u> આ તેઓની બહેન સંગીતાબેન જયારે રિસાઈને તેઓના ત્યા આવતી ત્યારે તેઓ પણ એક વખત આ તેઓની બહેનને સમજાવીને તેના સાસરે મૂકી આવેલા. જયારે તેઓની બહેનને વિજયનગર મુકામે મૂકવા આવેલ ત્યારે તેઓની બહેનનો પતિ તેના માતા–પિતા અને ઘરવખરીનો તમામ સર–સામાન ભરીને તેઓના પરિવાર સાથે નીકળી ગયેલ

હતો અને એ રીતે તે તેઓની બહેનને તરછોડીને ચાલ્યો ગયેલ છે. ત્યાર બાદ તેઓની બહેને તેના પતિ તથા સાસરીયાઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલી. ત્યાર બાદ પોલીસે બનાવ સંદર્ભે તેઓની કોઈ પુછપરછ કરેલ હોય તેવુ બનેલ નથી. આરોપી તેઓના બનેવી થાય છે અને તેઓ છેલ્લા ૧૦ વર્ષથી વિજયનગર છોડી કયાંક ચાલ્યા ગયેલા છે અને તેઓની ઘણી શોધખોળ કરેલ પરંતુ તેઓનો કોઈ અતો-પતો મળેલ નથી. આ કામના સાહેદ તેઓના કાકા શ્રી કાનજીભાઈ થાવરાજી પ્રજાપતિ જેઓને હાલમાં હાર્ટ એટેક આવેલ હોઈ અને તેઓની દવા સારવાર ટોકરા (રાજસ્થાન) મુકામે ચાલતી હોઈ અને તેઓ પથારીવશ હોઈ અને તેઓ હલન-ચલન કરી શકે તેમ ન હોઈ જેથી તેઓ અત્રેની કોર્ટમાં આવી શકે તેમ નથી. ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૯૯ હેઠળ આરોપી સામેની ઈન્સાફી કાર્યવાહી આરોપીની ગેરહાજરીમાં ચલાવવાનો હુકમ થયેલ હોય, કોઈ ઉલટતપાસ નથી.

(૯.૩) ફરીયાદપક્ષે સાહેદ ગીતાબેન લાલજીભાઈ પ્રજાપતિને આંક-૨૨ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ કે,આજથી આશરે ચોવિસેક વર્ષ પહેલા સંગતાબેનના લગ્ન નરેશભાઈ સુકાજી પ્રજાપતિનાઓ સાથે જ્ઞાતિના રિત-રિવાઝ મુજબ થયેલા અને ત્યાર બાદ તે તેના પતિ સાથે તેઓના સંયુકત પરિવારમાં વિજયનગર મુકામે રહેવા ગયેલ હતી. ત્યાર બાદ સંગતાબેનના લગ્ન બાદ તેને એક પુત્ર ધ્રુવ અને એક પુત્રી ટવીન્કલ થયેલ છે. સંગતાબેનને તેના પતિ નરેશભાઈએ થોડોક સમય સારી રીતે રાખેલ હતી અને તેની જોડે થોડો સમય સારુ વર્તન કરેલુ અને ત્યાર બાદ નાની નાની વાતમાં તેની જોડે લડાઈ ઝઘડા કરતો અને દુ:ખ ત્રાસ આપતો હતો, જેથી સંગતાબેન પિયરે આવી ગયેલી અને આ બધી વાત તેઓને કરેલી. સંગતાબેનના મોટાભાઈ તેઓના પતિ લાલજીભાઈનાઓ એક વખત તેઓને સમજાવીને ફરીથી તેના સાસરે મૂકવા માટે આવેલા ત્યારે તેઓની સંગતાબેનનો પતિ તેના માતા-પિતા અને પરિવારના તમામ સભ્યો સાથે ઘરવખરીનો તમામ સર-

સામાન ભરીને તેઓના પરિવાર સાથે નીકળી ગયેલ હતા અને તેઓ હાજર મળી આવેલ નહીં અને એ રીતે સંગતાબેનને તરછોડી દીધેલા. ત્યાર બાદ સંગતાબેને આ તેના પતિ અને સાસરીયાઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલી. ત્યાર બાદ પોલીસે તેઓની કોઈ પુછપરછ કરેલ હોય તેવુ બનેલ નથી. આરોપી નરેશભાઈને તેઓ ઓળખે છે, જેઓ મારા "બનેવી'' થાય છે અને તેઓ છેલ્લા ૧૦ વર્ષથી વિજયનગર છોડી કંયાક ચાલ્યા ગયેલા છે અને તેઓની તેઓએ પણ ઘણી શોધખોળ કરેલ પરંતુ તેઓનો કોઈ અતો–પતો મળેલ નથી. ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૯૯ હેઠળ આરોપી સામેની ઈન્સાફી કાર્યવાહી આરોપીની ગેરહાજરીમાં ચલાવવાનો હુકમ થયેલ હોય, કોઈ ઉલટતપાસ નથી.

(૯.૪) ફરીયાદપક્ષે સાહેદ હોમશંકર થાવરાજી પ્રજાપતિને આંક–૨૪ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ કે, આજથી આશરે ચોવિસેક વર્ષ પહેલા તેઓની ભત્રીજી સંગીતાબેનના લગ્ન નરેશભાઈ સુકાજી પ્રજાપતિનાઓ સાથે થયેલા અને ત્યાર બાદ તે તેના પતિ જોડે તેઓના સંયુકત પરિવારમાં વિજયનગર મુકામે રહેવા ગયેલ હતી. આ તેઓની ભત્રીજીના લગ્ન બાદ તેને એક પુત્ર ધ્રુવ અને એક પુત્રી ટવીન્કલ થયેલ છે. આ તેઓની આ ભત્રીજીને તેના પતિ નરેશભાઈ એ થોડોક સમય સારી રીતે રાખેલ અને સારુ વર્તન કરેલુ અને ત્યાર બાદ નાની નાની વાતમાં તેની જોડે લડાઈ ઝઘડો કરતો અને તેને દુ:ખ ત્રાસ આપતો હતો, અને જયારે પિયરે આવતી ત્યારે આ બધી વાત તેઓને કરતી હતી. આ સંગીતાબેન જયારે રિસાઈને તેઓને ત્યાં આવતી ત્યારે તેઓ પણ એક વખત આ તેઓની બહેનને સમજાવીને તેના સાસરે મૂકી આવેલો. જયારે તેઓની ભત્રીજીને વિજયનગર મુકામે મૂકવા આવેલ ત્યારે તેનો પતિ તેના માતા–પિતા અને ઘરવખરીનો તમામ સર–સામાન ભરીને તેઓના પરિવાર સાથે નીકળી ગયેલ હતો અને એ રીતે તે તેઓની ભત્રીજી ને તરછોડીને ચાલ્યો ગયેલ છે. ત્યાર બાદ તેઓની ભત્રીજીએ તેના પતિ તથા સાસરીયાઓ વિરૂધ્ધ

ફરીયાદ આપેલી. ત્યાર બાદ પોલીસે બનાવ સંદર્ભે તેઓની કોઈ પુછપરછ કરેલ હોય તેવુ બનેલ નથી. આરોપી તેઓના ભત્રીજા જમાઈ થાય છે અને તેઓ છેલ્લા ૧૦ વર્ષથી વિજયનગર છોડી કંયાક ચાલ્યા ગયેલા છે અને તેઓની તેઓએ પણ ઘણી શોધખોળ કરેલ પરંતુ તેઓનો કોઈ અતો–પતો મળેલ નથી. આ કામના સાહેદ તેઓના મોટા ભાઈ શ્રી કાનજીભાઈ થાવરાજી પ્રજાપતિ જેઓને હાલમાં હાર્ટ એટેક આવેલ હોઈ અને તેઓની દવા સારવાર ટોકરા (રાજસ્થાન) મુકામે ચાલતી હોઈ અને તેઓ પથારીવશ હોઈ અને તેઓ હલન–ચલન કરી શકે તેમ ન હોઈ જેથી તેઓ અત્રેની કોર્ટમાં આવી શકે તેમ નથી. ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૯૯ હેઠળ આરોપી સામેની ઈન્સાફી કાર્યવાહી આરોપીની ગેરહાજરીમાં ચલાવવાનો હુકમ થયેલ હોય, કોઈ ઉલટતપાસ નથી.

**તપાસ કરનાર અમલદારની જુબાની :–**

(૯.૫) ફરીયાદપક્ષે ચાર્જશીટ કરનાર તથા તપાસ કરનાર અમલદાર અનીલકુમાર ભાઈલાલભાઈ ઠાકોરને આંક–૨૫ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ કે, ગઈ તા. ૨૪/૦૫/૨૦૧૬ના રોજ આ કામના ફરીયાદી : સંગીતાબેન વા/ઓ.નરેશભાઈ સુકાજી પ્રજાપતિ,રહે.વિજયનગરનાઓએ વિજયનગર પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. વુ.અ.હે.કો. મધુબેન મહેન્દ્રભાઈના ઓ રૂબરૂ વિગતવારની ફરીયાદ હકીકત જાહેર કરતાં,વિજયનગર પો.સ્ટે. ફર્સ્ટ ગુ.રજી.નં. ૦૫૭/૨૦૧૬, ઈ.પી.કો. કલમ : ૪૯૮ (ક), ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ : ૩,૭ મુજબનો ગુન્હો રજીસ્ટે કરી આ ગુન્હાની આગળની તપાસ તેઓની તરફ ડેપ્યુટ કરવામાં આવતાં તેઓએ સંભાળેલી. ત્યાર બાદ આ કામે આરોપીને આ ગુન્હાના કામે અટક કરી જામીન અંગેની કાર્યવાહી કરેલી. ત્યાર બાદ આ ગુન્હાના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબના લખી લીધેલા. આ કામના આરોપીને તેઓએ અટક કરેલ, જે આરોપી કોર્ટમાં હાજર નથી. આ ગુન્હાના કામે તેઓની તપાસની અંતે આરોપી વિરૂધ્ધ

પુરતો પુરાવો જણાતો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે. ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૯૯ હેઠળ આરોપી સામેની ઈન્સાફી કાર્યવાહી આરોપીની ગેરહાજરીમાં ચલાવવાનો હુકમ થયેલ હોય, કોઈ ઉલટતપાસ નથી.

(૧૦) આ કેસના ન્યાયિક નિર્ણય માટે જે મુદ્દાઓ ઘડવામાં આવ્યા છે તે તથા ઉપરોકત રજુ પુરાવાઓ જે હકીકતો સાથે સંકળાયેલા છે, તે હકીકતો સાબિત થઈ છે કે કેમ, તે અંગે પુરાવાનું વિશ્લેષણ અને મૂલ્યાંકન શરૂ કરતા પહેલા ભારતીય પુરાવા અધિનિયમના સિદ્ધાંતો અને કાયદાકીય જોગવાઈઓ નોંધવી આવશ્યક છે, જે નીચે મુજબ છે.

- **કઈ બાબતનો પુરાવો આપી શકાય**

  કઈ બાબતનો પુરાવો આપી શકાય તે માટે સૌપ્રથમ ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૩ ની કલમ-૫(ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ ની કલમ-૩) જોવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

  Evidence may be given of facts in Issue and relevant facts. Evidence may be given in any suit or proceeding of the existence or non-existence of every fact in issue and of such other facts as are hereinafter declared to be relevant, and of no others.

  આ જોગવાઈ પ્રમાણે પુરાવો Fact In Issue માટેનો અથવા તો Relevant હકીકતો માટેનો જ આપી શકાય બીજી કોઈ બાબતનો પુરાવો આપી શકાય નહીં.

  ભારતીય પુરાવા અધિનિયમ પ્રમાણે એક હકીકત, બીજી હકીકત સાથે Relevant ત્યારે કહી શકાય, જ્યારે ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૫ થી ૫૫ (ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ ની કલમ-૩ થી ૫૦) મુજબ તેને સુસંગત ગણવામાં આવી હોય.

- **જજમેન્ટનો આધાર :**

વળી, કોઈપણ વિવાદનું જજમેન્ટ શાના આધારે આપવું જોઈએ, તે બાબતે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૬૫ (ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ ની કલમ–૧૬૮)ના પ્રોવાઈઝોની જોગવાઈ ધ્યાન પર લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

"Provided that the judgment must be based upon facts declared by this Act to be relevant, and duly proved:"

આ જોગવાઈ પ્રમાણે જજમેન્ટ માત્ર Proved relevant facts પર જ આધારિત હોવું જોઈએ. તેથી હવે પછી હકીકતોનું મૂલ્યાંકન Fact In Issue અને Relevant Fact માટે જ કરવામાં આવ્યું છે.

**<u>ઉપરોકત રજુ પુરાવાનું સંયુકત મુલ્યાંકન :–</u>**

(૧૧) ઉપરોકત પુરાવાનું બારીકાઈથી મુલ્યાંકન કરવામાં આવે તો સદર કામે ફરીયાદી સંગીતાબેન નરેશભાઈ પ્રજાપતિએ આંક–૧૯ થી તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓના પતિ તેઓની સાથે થોડોક સમય સારી રીતે રહેલા અને સારુ વર્તન કરેલુ અને ત્યાર બાદ નાની નાની વાતમાં તેઓની જોડે લડાઈ ઝઘડા તેઓને દુ:ખ ત્રાસ આપતા હતા, જેથી તેઓ તેમના પિયરે ગયેલી અને આ બધી વાત તેઓએ તેમના માતા–પિતાને કરેલી. આમ, ફરીયાદીની જુબાની જોતાં, ફરીયાદ મુજબનો બનાવ બનેલ હોય તેવી હકીકત ફકત ફરીયાદીની જુબાની જોતાં સાબિત થતી નથી. જેથી ફકત ફરીયાદીની જુબાની જોતાં, હાલના કામના આરોપી દવારા જ ફરીયાદ મુજબનો ગુન્હો કરેલ હોય તેવું શંકાથી પર સાબિત થતું નથી.

ફરીયાદીની જુબાનીમાં કેસના મુળ સુધી અસર કરે તેવા મહત્વના કોન્ટ્રાડીકશન્સ રેકર્ડ પર આવેલ છે. તેમજ ફરીયાદીની આક્ષેપીત ફરીયાદ અને ફરીયાદીની જુબાનીમાં મટીરીયલ કોન્ટ્રાડીકશન રેકર્ડ પર આવેલ છે. માત્ર આઈ વિટનેશ હોવાના નાતે

ફકત તેની જુબાની પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય છે પરંતુ તે જુબાની કોર્ટને વિશ્વાસપાત્ર લાગવી જોઇએ. હાલના કેસમાં ફરીયાદીની જુબાની વિશ્વાસપાત્ર જણાય આવતી નથી આ અંગે નામદાર સર્વોચ્ચ અદાલતે Indira Devi Versus State Of Himachal Pradesh reported in 2016 (0) AIJEL-SC 58703 ના કામે નીચે મુજબ ઠરાવેલ છે.

PARA-6. The trial court judgment discloses that the defence confronted the victim PW-1 with his earlier statement wherein he had not alleged that Fullan Devi assaulted him with a 'darat'. But the trial court in para 24 of the judgment misdirected itself by confining the consideration only to the issue as to whether the complainant who was an injured should be relied upon or not. In view of his being an injured witness as proved by the Doctor, the trial court chose to place full reliance on his deposition. The error committed by the trial court was in ignoring the contradiction and subsequent development quo the three appellants herein and its failure to consider whether the complainant should be believed only in part qua the male accused persons and not in respect of the appellants. This approach of the trial court is clearly erroneous in law.

PARA-7. The proposition of law that an injured witness is generally reliable is no doubt correct but even an injured witness must be subjected to careful scrutiny if circumstances and materials available on record suggest that he may have falsely implicated some innocent persons also as an after thought on account of enmity and vendetta. The trial court erred in not keeping this in mind.

આમ, ફરીયાદી સંગીતાબેન નરેશભાઇ પ્રજાપતિની આંક–૧૯ વાળી જુબાની જોવામાં આવે તો તેઓના પતિ તેઓની સાથે

થોડોક સમય સારી રીતે રહેલા અને સારુ વર્તન કરેલુ અને ત્યાર બાદ નાની નાની વાતમાં તેઓની જોડે લડાઈ ઝઘડા તેઓને દુ:ખ ત્રાસ આપતા હતા, જેથી તેઓ તેમના પિયરે ગયેલી તેવી હકીકત Gospel truth માનવામાં આવે, તો પણ આ કામનાં આરોપી વિરુધ્ધ ઈ. પી. કોડની કલમ–૪૯૮ (ક) નાં આવશ્યક તત્વો સાબિત થતાં નથી. જે સંદર્ભે નામદાર ગુજરાત વડી અદાલતે "ઈન્દ્રસિંગ એમ. રાઓલ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત '' ૧૯૯૯ (૩) જી. એલ. આર. પાના નં. ૨૩૫૬ નાં ચુકાદામાં એમ ઠરાવેલ છે કે,

"Solitary incident of cruelty whether can be basis for conviction under Sec. 498(A) of I.P.C. Held in the negative. Prosecution has to establish that cruelty and harassment was incessant, persistent and unbearable. Held further, it must be established that cruelty and harassment was with the intention to force the woman to commit suicide or to fulfill unlawful demand for property etc."

ત્યાર બાદ આ કામે સાહેદ લાલજીભાઈ હકરાજી પ્રજાપતિને આંક–૨૧, સાહેદ ગીતાબેન લાલજીભાઈ પ્રજાપતિને આંક–૨૨, સાહેદ હોમશંકર થાવરાજી પ્રજાપતિને આંક–૨૪ થી તપાસવામાં આવેલ છે. તેમણે એવું જણાવેલ છે કે, <u>ફરીયાદીને તેઓના પતિ દવારા દુ:ખ ત્રાસ આપવાની વાત ફરીયાદીએ તેઓને પિયરે આવતી ત્યારે તેઓને કરેલ અને પોલીસે બનાવ સંદર્ભે તેઓની કોઈ પુછપરછ કરેલ હોય તેવુ બનેલ નથી.</u>

આમ, આ કામનાં ફરિયાદીની જુબાની જોતાં ઈ. પી. કોડની કલમ–૪૯૮(ક) હેઠળનો ગુનો પુરવાર કરવા સદર ચુકાદામાં ઠરાવેલ હકીકતો મુજબ પતિ કે તેના સગા–વહાલાઓ દવારા ઈરાદાપૂર્વક એવું વર્તન કરવામાં આવે કે જે વર્તન સ્ત્રીને આત્મહત્યા કરવા પ્રેરે અથવા પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડે અથવા જીંદગી કે શરીરના અવયવ કે આરોગ્યને ભયમાં મૂકવા પ્રેરે તેને

કુરતા કહેવાય.હાલના કામે રજુ ફરીયાદીની તથા સાહેદોની જુબાનીનું મુલ્યાંકન કરતાં આવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી. વધુમાં હાલનાં કામે આંક-૨૫ થી તપાસેલ તપાસ કરનાર અમલદારે આરોપીના ઘરની આજુબાજુ આવેલ મકાનોમાં રહેતા કોઈપણ વ્યકિતઓના નિવેદનો તપાસના કામે લીધેલા હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. ફરીયાદપક્ષ દવારા તપાસવામાં સાહેદોની જુબાની જોતાં, બનાવ સંદર્ભે પોલીસે તેઓની કોઇ પૂછપરછ કરેલ હોય તેવી કોઇ હકીકત તપાસેલ સાહેદો તેમની જુબાનીમાં જણાવતાં નથી. જેથી એ હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે, ફરીયાદીના પિયરપક્ષના સગા-સબંધીઓ સિવાય અન્ય કોઈ સાહેદોના નિવેદનો લીધેલા નથી તથા તપાસેલ સાહેદો ફરીયાદની હકીકતને સમર્થનકારક હકીકત જણાવતાં નથી અને એવું જણાવે છે કે, ફરીયાદી સંગીતાબેને તેઓને વાત કરેલી છે આમ, આરોપીએ ફરીયાદી સાથે લડાઇ ઝગડો કરેલ હોય અને દુ:ખ ત્રાસ આપેલ હોય તેવી હકીકતને સમર્થન મળતું નથી. વધુમાં ફરીયાદીએ કોઈ સારવાર લીધેલ હોય તો તે અંગેના સારવાર અંગેના પ્રમાણપત્રો અત્રેની અદાલતમાં રજૂ કરેલ નથી. ઉપરાંત દહેજ અંગેની કોઇ માંગણી આરોપીએ ફરીયાદી પાસે કરેલ હોય તેવી કોઇ હકીકત ફરીયાદી કે આ કામે તપાસવામાં આવેલ સાહેદોના મૌખિક પુરાવાથી રેકર્ડ ઉપર આવતી નથી. આમ, ફરીયાદીને આરોપી લડાઇ ઝગડો કરી દુ:ખ ત્રાસ આપતા હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. જે તમામ સંજોગો ધ્યાને લેતાં ફરિયાદ પક્ષ આ કામે આરોપી વિરુધ્ધ ઈ. પી. કોડની કલમ-૪૯૮(ક) તથા ૧૧૪ હેઠળનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે, તેમ ગણી શકાય.

વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે Krishnegowda versus State Of Karnataka reported in 2017 (0) AIJEL-SC 59963 ના કામે નીચે મુજબ ઠરાવેલ છે.

PARA-19. Having gone through the evidence of the prosecution witnesses and the findings recorded by the High

Court we feel that the High Court has failed to understand the fact that the guilt of the accused has to be proved beyond reasonable doubt and this is a classic case where at each and every stage of the trial, there were lapses on the part of investigating agency and the evidence of the witnesses is not trustworthy which can never be basis for conviction. The basic principle of criminal jurisprudence is that the accused is presumed to be innocent until his quilt is proved beyond reasonable doubt.

PARA-20. Generally in the criminal cases, discrepancies in the evidence of witness is bound to happen because there would be considerable gap between the date of incident and the time of deposing evidence before the Court, but if these contradictions create such serious doubt in the mind of the Court about the truthfulness of the witnesses and it appears to the Court that there is clear improvement, then it is not safe to rely on such evidence.

PARA-21. In the case on hand, the evidence of eyewitnesses is only consistent on the aspect of injuries inflicted on the deceased but on all other factors there are lot of contradictions which go to the root of the matter.

PARA-25. It is to be noted that all the eyewitnesses were relatives and the prosecution failed to adduce reliable evidence of independent witnesses for the incident which took place on a public road in the broad day light. Although there is no absolute rule that the evidence of related witnesses has to be corroborated by the evidence of independent witnesses, it would be trite in law to have independent witnesses when the evidence The of related eyewitnesses is found to be incredible and not trustworthy. The minor variations and contradictions in the evidence of eyewitnesses will and not tilt the benefit of

doubt in favor of the accused but when the contradictions in the evidence of prosecution witnesses proves to be fatal to the prosecution case then those contradictions go to the root of the matter and in such cases accused gets the benefit of doubt.

25. It is the duty of the Court to consider the trustworthiness of evidence on record. As said by Benthem, "witnesses are the eyes and ears of justice". In the facts on hand, we feel that the evidence of these witnesses is filled with discrepancies, contradictions and improbable versions which draws us to the irresistible conclusion that the evidence of these witnesses cannot be a basis to convict the accused.

ઉપરોકત ચુકાદામાં ઠરાવ્યા મુજબ હાલના કેસની હકીકત જોવામાં આવે તો ફરીયાદ તથા ફરીયાદપક્ષના સાહેદોની જુબાનીમાં મહત્વના અને કેસના મુળને અસર કરે તેવા કોન્ટ્રાડીકશન રેકર્ડ પર આવેલ છે. નામદાર સર્વોચ્ચ અદાલતે ઉપરોકત ચુકાદામાં જણાવ્યા અનુસાર દરેક કેસમાં ફકત ફરીયાદપક્ષના સાહેદો સગા સંબંધી હોવાથી તેમની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી તેવો કોઇ નિયમ નથી પરંતુ આ સાક્ષીઓની જુબાની કોર્ટને વિશ્વાસનીય લાગવી જોઇએ. પરંતુ હાલના કેસમાં ફરીયાદી અને અન્ય સાહેદોની જુબાનીમાં કેસના મુળને અસર કરે તેવા કોન્ટ્રાડીકશન રેકર્ડ પર આવે છે જેથી ફરીયાદપક્ષના કેસને સ્વતંત્ર સાહેદોથી સમર્થન પ્રાપ્ત થતુ નથી . તેવા સંજોગોમાં ફરીયાદપક્ષના પુરાવાને સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થાય તે જરૂરી જણાય આવે છે. તેમજ ફરીયાદપક્ષના કેસમાં આવેલ મહત્વના કોન્ટ્રાડીકશનના કારણે આરોપી સામેનો ગુન્હો નિ:શંકપણે સાબિત થતો નથી. જે અંગે નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત દર્શાવેલ Krishnegowda versus State Of Karnataka ના ચુકાદામાં નીચે મુજબ ઠરાવેલ છે.

PARA-29. Once there is a clear contradiction between the medical and the ocular evidence coupled with severe contradictions in the oral evidence, clear latches in investigation, then the benefit of doubt has to go to the accused.

આમ, તપાસવામાં આવેલ તમામ સાહેદોની જુબાની પરથી એ હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે, ફરીયાદી સંગીતાબેનને આરોપીએ તુ બદચલનની છે તેમ કહી ગાળો આપેલ હોય, જાનથી મારી નાંખવાની ધમકી આપેલ, શારીરીક અને માનસીક દુ:ખ ત્રાસ આપેલ હોય તેવું વાતોવાતથી સાહેદોએ જાણેલ છે પરંતુ તેઓએ નજરે જોયેલ નથી તથા ફરીયાદીની જુબાની દવારા પણ ફરીયાદની હકીકત મુજબનો બનાવ બનેલ હોય તેવી કોઇ હકીકત સાબીત થયેલ નથી.

ભારતીય દંડ સંહિતાની કલમ-૪૯૮(ક) લક્ષે લેવામાં આવે, તો સ્ત્રીને ક્રુરતાનો ભોગ બનાવવામાં આવેલ હોય અને આવી ક્રુરતા અથવા ત્રાસ પતિ કે પતિનાં સગા દ્વારા આપવામાં આવેલ હોય અને આવા ઈરાદાપૂર્વકનાં પ્રયત્નો કરવામાં આવેલ હોય કે જે કારણે સ્ત્રી આત્મહત્યા કરવા પ્રેરાય અથવા પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડે અથવા જીંદગી, શરીરનાં કોઈ અવયવ કે માનસિક અથવા શારીરિક આરોગ્ય જોખમમાં મૂકવા પ્રેરાય અથવા સ્ત્રી કે તેણીનાં સગા દબાણથી કોઈ મિલ્કત કે કિંમતી જામીનગીરી માટે ગેરકાનૂની માંગણી પૂરી કરે, તે માટે ત્રાસ આપવામાં આવે અથવા સ્ત્રી કે તેણીનાં સગા એવી માંગણી સંતોષવી શકય ન હોય, તે માટે એવો ત્રાસ આપવામાં આવતો હોય. હવે આ કામનાં ગુના માટે અનુમાન કરવાની જોગવાઈ નથી. ક્રુરતા આચરવામાં આવેલ હોવાનો આક્ષેપ હોય, ત્યારે સદરહુ આક્ષેપ નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદ પક્ષની છે. પતિ-પત્ની વચ્ચે લગ્ન જીવનમાં સામાન્ય થતી તકરારને ક્રુરતાનાં અર્થમાં લઈ શકાય નહીં. પરંતુ સદરહુ ક્રુરતાને કારણે સ્ત્રીને આત્મહત્યા કરવા પ્રેરેલ હોવી જોઈએ અથવા પોતાની

જાતને ગંભીર ઈજા પહોંચાડેલ હોવી જોઈએ અથવા પોતાની જિંદગી શરીરનાં કોઈ અવયવને ભયમાં મૂકવા પ્રેરતી હોય અથવા કોઈ એવો ત્રાસ આપવામાં આવેલ હોય કે જેથી દબાણમાં આવી મિલ્કત કે કિંમતી જામીનગીરીની ગેરકાયદેસર માંગણી પૂરી કરી હોય અથવા એવી માંગણી પૂરી કરી શકાઈ ન હોય.

આમ, હાલના કામે ફરીયાદ પક્ષે ઉપરોકત ચર્ચા કરી તે મુજબ ઈ.પી.કોડની કલમ-૪૯૮(ક) તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ-૩ અને ૭ મુજબનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે તેવુ અત્રેની અદાલતનું માનવુ છે.

(૧૨) હાલનાં કામે આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૫૦૪ મુજબનો આક્ષેપ હોય, જે સંદર્ભે કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં, હાલના કામે તપાસેલ ફરીયાદીની જુબાની ધ્યાને લેતા ફરીયાદીએ પોતાની જુબાનીમાં આરોપી દવારા તેઓને ગાળો બોલવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત તપાસમાં આવેલ સાહેદ દવારા રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, આરોપીએ ફરીયાદીને ખરેખર શું ગાળો બોલેલ કે કેવા શબ્દોનો ઉપયોગ કરેલ કે જેનાથી જાહેર સુલેહ શાંતીનો ભંગ થાય તેવી કોઈ જ હકીકત સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવેલ નથી. આ સંદર્ભે નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રવિણભાઈ બેચરભાઈ વણકર, વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૭ (૨), જી.એલ.એચ. પાના નં. ૩૩૭ નાં ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવો જરૂરી જણાતો હોય તેને સરળતા ખાતર નીચે મુજબ રજુ રાખેલ છે.

"...In order to convict an accused under section-504 of Indian Penal Code, the actual word used by the accused must be brought on record by the prosecution from the mouth of the witness. The insult envisaged by section-504 must not only be intentional but also thereby must give provocation to person insulted to breach public place or to commit any other offence."

આમ, ઉપરોકત ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત તેમજ ઉપર કરેલી ચર્ચાઓ ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપી સામે ભારતીય દંડ સહિતાની કલમ–૫૦૪ મુજબનો ગુનો નિ:શંક પણે સાબિત કરી શકેલ નથી.

(૧૩) આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) મુજબનાં ગુનાનો આરોપ હોય, કાયદાની જોગવાઈ ધ્યાને લીધા બાદ આ તબકકે નામદાર ગુજરાત વડી અદાલતના પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૭(૨) જી.એલ.એચ. પાના નં. ૩૩૭ નાં ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લેવા જરૂરી જણાતા હોય ન્યાયિક સરળતા ખાતર નીચે મુજબ રજુ કરેલ છે.

"In order to convict an accused under section-506(2) of Indian Penal Code, the threat as contemplated in section- 506 must cause alarm in the mind of person so threatened"

આમ, નામદાર ગુજરાત વડી અદાલતે એમ ઠરાવેલ છે કે, આરોપીને ભારતીય દંડ સહિતાની કલમ–૫૦૬(૨) હેઠળ તકસીરવાન ઠરાવવા માટે જે વ્યકિતને ધમકી આપવામાં આવી હોય તે વ્યકિતને ભય ઉત્પન્ન થયેલ હોવો જોઈએ અને તે ભય એવા પ્રકારનો હોવો જોઈએ કે, જેનાથી વ્યકિત પોતાનું રોજીંદુ કાર્ય કરવા અસમર્થ થાય. હાલમાં કામે ફરીયાદી તથા સાહેદોને જુબાની ધ્યાને લેવામાં આવે તો આરોપી દ્વારા આપવામાં આવેલ ધમકીના કારણે તેઓ પોતાનું રોજીંદુ કાર્ય કરવામાં અસમર્થ થયેલ હોય તેવી કોઈ વિગત રેકર્ડ જોતા જણાઈ આવતી નથી. જેથી ઉપરોકત ચર્ચા કરી તે મુજબ ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સહિતાની કલમ–૫૦૬(૨) મુજબનો ગુનો પુરવાર કરી શકેલ નથી.

(૧૪) વધુમાં રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં, આ કામના આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે, તેવી શંકા ઉદભવે છે, પરંતુ કાયદાનો એ સ્થાપિત સિધ્ધાંત છે કે, શંકા ગમે તેટલી મજબુત હોય, તો પણ કાનૂની પુરાવાનું સ્થાન લઈ શકે નહીં. વધુમાં ભારતમાં પ્રવર્તમાન

ફોજદારી ન્યાય શાસ્ત્રનાં સિધ્ધાંત મુજબ પ્રોસીકયુશને પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને પ્રોસીકયુશન કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં રેકર્ડ ઉપરનાં પુરાવાઓ ઉપરથી એક બાજુ એમ જણાય આવતુ હોય કે, આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાય આવતુ હોય કે, આરોપીએ ગુનો કરેલ નથી, ત્યારે તેવા સંજોગોમાં પ્રોસીકયુશને પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ છે, તેમ કહીં શકાય નહીં. જેથી ફરિયાદ પક્ષમાં રહેલ, તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં એ.આઈ.આર. ૨૦૧૨ નામદાર સર્વોચ્ચ અદાલતે "કૈલાશ ગોર વિરુધ્ધ સ્ટેટ ઓફ આસામ" એસ.સી.૭૮૬ નાં ચુકાદાના પેરા-૨૫ માં એમ ઠરાવેલ છે કે,

"It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294: (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83: (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions,

the said principle forms the basis of criminal jurisprudence in India."

(૧૫) વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે દિગંમ્બર વૈષ્ણવ વિરુધ્ધ સ્ટેટ ઓફ છતીસગઢ (૨૦૧૯) ૪ એસ. સી. સી. ૫૨૨ માં પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા –૧૪ તથા ૧૯ માં ઠરાવેલ છે કે,

**(14)** one of the fundamental principles of criminal jurisprudence is undeniably that the burden of proof squarely rests on the prosecution and that the general burden never shifts. There can be no conviction on the basis of surmises and conjectures or suspicion howsoever grave it may be. Strong suspicion, strong coincidences and grave doubt cannot take the place of legal proof. The onus of the prosecution cannot be discharged by referring to very strong suspicion and existence of highly suspicious factors to inculpate the accused nor falsity of defence could take the place of proof which the prosecution has to establish in order to succeed, though a false plea by the defence at best, be considered as an additional circumstance, if other circumstances unfailingly point to the guilt.

**(19)** It is also well-settled principle that in criminal cases, if two views are possible on evidence adduced in the case, one binding to the guilt of the accused and the other is to his innocence, the view which is favourable to the accused, should be adopted. This principle has a special relevance in cases wherein the guilt of the accused is sought to be established by circumstantial evidence [See Kali Ram v. State of Himachal Pradesh, (1973) 2 SCC 808].

ઉપરોકત તમામ સંજોગોમાં જોતાં, આ કામના આરોપીએ તા.૨૪/૦૫/૨૦૧૬ ના કલાક ૧૦/૨૦ વાગ્યા પહેલા મોજે વિજયનગર મુકામે લગ્નજીવન દરમ્યાન ફરીયાદી બહેનને તું

બદચલનની છે તેમ કહી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી શારીરિક તેમજ માનસિક દુ:ખ ત્રાસ આપી દહેજની માંગણી કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક), ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૩, ૭ <u>મુજબનો ગુન્હો કરેલ હોય તેવું સાબિત કરવામાં ફરીયાદપક્ષ સદતંર નિષ્ફળ નિવડેલ છે.</u>

**(૧૬)** ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં, ફરીયાદ, ફરીયાદીની જુબાની તથા સાહેદોની જુબાની જોતાં તથા રેકર્ડ પરનો પુરાવો જોતાં આ કામના આરોપી સામે ફરીયાદ મુજબનો આરોપ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય, **મુદા નં.૦૧** નો જવાબ "**નકારમાં**" આપી **મુદા નં.૦૨** અન્વયે નીચે મુજબનો "**આખરી હુકમ**" કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

**(૧)** આરોપી નં.(૧) નરેશભાઇ સુકાજી પ્રજાપતિ, ઉ.વ.આ.૫૦, ધંધો–મજૂરી,રહે–કુંભાર ફળી, વિજયનગર, તા.વિજયનગર, જિ.સાબરકાંઠાનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ,૧૯૭૩ ની કલમ–૨૪૫)(ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ની કલમ–૨૬૮) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮ (ક), ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૩,૭ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી બિન–તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામના આરોપી નં.(૨) લીલાબેન સુકાજી પ્રજાપતિ, આરોપી નં.(૩) નાથુભાઇ પુજાજી પ્રજાપતિ, આરોપી નં.(૪) જીગરકુમાર નાથુભાઇ પ્રજાપતિ, રહે–કુંભાર ફળી, વિજયનગર, તા.વિજયનગર, જિ.સાબરકાંઠા, આરોપી નં. (૫) વસંતીબેન સુકાજી પ્રજાપતિ, રહે–જયપ્રકાશ સોસાયટી, ભુત બંગલા પાસે, ખેરવાડા, તા.ખેરવાડા, જિ.ઉદેપુર (રાજસ્થાન), આરોપી નં.(૬) સંતોકબેન સુકાજી પ્રજાપતિ, રહે–હિરણ મંગરી, સેકટર–૩, ઉદેપુર, જિ.ઉદેપુર

(રાજસ્થાન), આરોપી નં.(૭) વર્ષાબેન સુકાજી પ્રજાપતિ, રહે–પુનાસણ, તા. હિંમતનગર, જિ.હિંમતનગર, આરોપી નં.(૮) સવીતાબેન સુકાજી પ્રજાપતિ, રહે–મકાન નં.૧૦૭, રોહિતનગર, સોસાયટી, ઘાટલોડીયા, અમદાવાદ, આરોપી નં.(૯) કલીબેન સુકાજી પ્રજાપતિ ,રહે–વિકાસનગર, ડુંગરપુર, જિ.ડુંગરપુર (રાજસ્થાન),આરોપી નં.(૧૦) મુકેશભાઇ વેલાજી પ્રજાપતિ, રહે–જયપ્રકાશ સોસાયટી,ભુત બંગલા પાસે,ખેરવાડા,તા.ખેરવાડા, જિ.ઉદેપુર (રાજસ્થાન), આરોપી નં.(૧૧) સંજયભાઇ દલજીભાઇ પ્રજાપતિ,રહે–મકાન નં.૧૦૭, રોહિતનગર, સોસાયટી, ઘાટલોડીયા, અમદાવાદ, આરોપી નં.(૧૨) અંજુબેન વેલાજી પ્રજાપતિ, રહે–ગામડી અહાડા, ડુંગરપુર, જિ.ડુંગરપુર, આરોપી નં.(૧૩) રાનુબેન દોલતરામ પ્રજાપતિ, રહે–હિરણ મંગરી, સેકટર–૩,ઉદેપુર,જિ.ઉદેપુર(રાજસ્થાન)નાઓ સામેનો ગુન્હો નામ.હાઇકોર્ટ દવારા કવોશીંગ કરેલ હોઇ, આરોપી નં.૨ થી ૧૩ નાઓ વિરૂધ્ધ કોઇ હુકમ નથી.

હુકમ આજરોજ તારીખ : ૧૫મી, માહે :જુલાઇ, સને : ૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૫/૦૭/૨૦૨૬
મુ. વિજયનગર

**(ભાવેશ ચંદુલાલ વાજા)**
જયુડી.મેજી. ફ.ક., વિજયનગર
(જજ કોડ નં.જીજે૦૧૭૪૧)

//A.A.P.//